*ISSN No: 2455-734X (E-Journal)*
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila
College, Gandhinagar, Gujarat, India

# "મહાકવિ ભાસનાં નાટકોમાં નિરૂપિત રાષ્ટ્રપ્રીતિ" પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને સ્વપ્નવાસવદત્તમ્ ના સંદર્ભમાં

**પ્રો. જેરામભાઈ વી. પટેલ**
એસોસિયેટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ
મહિલા કોલેજ, ગાંધીનગર
Email ID: jvpatel4309@gmail.com

सूत्रधारकृतारम्भैर्नाटकैबहुभूमकिैः |
सपताकैर्यशो लेभे भासो देवकुलैरवि ||

અર્થાત્ "કુશળ સ્થપતિઓ વડે રચાયેલાં, અનેક માળવાળાં, પતાકાઓવાળાં દેવમંદિરો ઊભાં કરવાથી જેવો યશ મળે છે, તેવો યશ સૂત્રધારથી આરંભાતાં અનેક પાત્રોવાળાં તથા પતાકાઓવાળાં નાટકોથી ભાસને મળ્યો." (મુસલગાંવકર, ગજાનન, પૃ.૧૭)

મહાકવિ ભાસ એક રાષ્ટ્રપ્રેમી અને દેશભક્ત કવિ હશે એમ તેમની કૃતિઓના અભ્યાસથી જણાય છે. કવિ અનેકવાર પોતાના રાજા અને રાષ્ટ્રની સુખાકારી માટે કામના કરે છે. મહામાત્ય યૌગન્ધરાયણ જેવા આદર્શ અને વફાદાર મંત્રી દ્વારા રાજાના તથા રાજ્યના અભ્યુદયનો વિચાર તથા ભરતરોહક જેવા મંત્રીઓનું રાષ્ટ્ર વિષયક ચિંતન વગેરેમાં કવિની આ દ્રષ્ટિનો પરિચય થાય છે.

ભાસ એક ધર્મપરાયણ, કર્તવ્યનિષ્ઠ, સદાચારી, સાંસ્કૃતિક આદર્શો તરફ પ્રીતિ રાખનાર, શાસ્ત્રજ્ઞ અને માનવમૂલ્યોના ઉપાસક છે. ભાસની ઉદયનકથાશ્રિત કૃતિઓમાં તેમનો ઉજ્જયિની તરફનો પ્રેમ સ્પષ્ટપણે જણાય આવે છે. ઉજ્જયિની નગરીની પ્રાચીનતા અને મહાનતા પૌરાણિક તથા ઐતિહાસિક ગ્રંથોમાં ખૂબ જ સુંદર રીતે અભિવ્યક્ત થયેલી છે. ઉજ્જયિની માટેનો તેમનો પ્રેમ અત્યંત અહોભાવથી પ્રગટ થયો છે. આ નગરીના જુદાં જુદાં સ્થાનો અને નગર યોજનાનું એટલું તો સાંગોપાંગ અને ભાવસભર વર્ણન કવિએ કર્યું છે કે તેમનો તે સ્થાનો સાથેનો દ્રઢ સ્નેહસંબંધ વ્યક્ત કરે છે.

મહાકવિ ભાસ વિરચિત 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' અને 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકોમાં વત્સરાજ ઉદયન અને અવંતીરાજ પ્રદ્યોત મહાસેનના અમાત્યો અને મંત્રીઓનાં કાર્યો અને રાજનીતિ વિષયક યુક્તિ-પ્રયુક્તિઓમાં કવિનો રાષ્ટ્રપ્રેમ અભિવ્યક્ત થયો છે. ખાસ કરીને મહામાત્ય યૌગન્ધરાયણની રાજનીતિમાં નિરુપાયેલ રાષ્ટ્રપ્રેમ અને સ્વામીનિષ્ઠા પ્રસ્તુત અભ્યાસ લેખમાં રજુ કરવાનો ઉપક્રમ છે.

## <u>પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ :-</u>

'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' મહાકવિ ભાસનું યશસ્વી સર્જન છે. આ નાટકમાં મુખ્યત્વે રાજકીય વસ્તુનું નિરૂપણ છે. ઉજ્જયિનીનો રાજા પ્રદ્યોત મહાસેન વત્સદેશના રાજા ઉદયનને પોતાના પરાક્રમથી નમાવવા ઈચ્છતો હતો. પરંતુ તે રાજા યૌગન્ધરાયણ જેવા મુત્સદ્દી અમાત્યોની બુદ્ધિમતા અને સ્વામીનિષ્ઠાથી રક્ષાયેલો હોવાથી તેને વશ કરી શક્યો ન હતો. માટે બનાવટી હાથી ની એક કપટ યોજના કરીને પ્રદ્યોતના અમાત્યોએ ઉદયનને કેદ કર્યો. પરંતુ તે જ અમાત્યોની યોજનાને નિષ્ફળ બનાવીને યૌગન્ધરાયણે પોતાના સ્વામીને છોડાવ્યો.

મહાકવિ ભાસે આ નાટકમાં યૌગન્ધરાયણ, રુમણ્વાન તથા શાલંકાયન અને ભરતરોહક જેવા અમાત્યોની પોતાના રાજાઓ પ્રત્યેની તથા રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ નિરૂપી છે. આ નાટકના પ્રથમ અંકમાં યૌગન્ધરાયણ પોતાના સ્વામી માટે ચિંતાતુર છે અને સાલક નામના સંદેશવાહકને ઉતાવળથી રાજા ઉદયન પાસે મોકલવાના કાર્યમાં વ્યગ્ર છે. મૃગયા કરવા નીકળેલા ઉદયનની ચિંતા પ્રગટ કરતાં તેઓ સાલકને કહે છે : "રાજા વેણુવનમાંથી નીકળી ત્રણ વન વટાવી નાગવનમાં પહોંચે તે પહેલાં તારે સ્વામીની સેવામાં હાજર થવાનું છે." (દવે, પી.સી. અને દવે, સુરેશ, પૃ. ૫) રાજનીતિજ્ઞ યૌગન્ધરાયણને મહાસેનની કપટ યોજનાનો ખ્યાલ હોવાથી ઉદયન રાજા નાગવન પહોંચે તે પહેલાં સ્વામીની રક્ષા માટે પત્ર અને રક્ષાસૂત્ર પહોંચાડવાની વ્યવસ્થા કરે છે. તેવા સમયે સ્વામી ઉદયનનો નિત્યસાથી હંસક એકલો આવ્યાના સમાચારથી તેઓ હતોત્સાહ બની ભાંગી પડે છે. રાજાની ચિંતા કરતાં તેઓ જણાવે છે કે, "બીજે ગામ જઈ ઘરે પાછા ફરેલા અસ્વસ્થ સગાંવાળા માણસના મનમાં જેવો ડર જાગે તેવો ડર મારા મનમાં પણ છે કે હું શુભ સાંભળીશ કે અશુભ?" (પૃ.૭) હંસક પાસેથી રાજાના નાગવનમાં જવાના સમાચાર સાંભળી સ્વામીભક્તિ પ્રગટ કરતાં યૌગન્ધરાયણ કહે છે : "આપણે છેતરાઈ ગયા હવે કાંઈ આશા ખરી? કે આજે પ્રાણ છોડવાના છે." (પૃ.૭) યુદ્ધનીતિના જાણકાર અને બાહોશ યૌગન્ધરાયણ પોતે અસફળ રહ્યાનો અફસોસ કરે છે. પોતાના રાજાનું જીવન જોખમાયું હોય તો પોતાને જીવવાનું કોઈ પ્રયોજન નથી એવું માનતા તેમની રાજા ઉદયન પ્રત્યેની વફાદારી અને નિષ્ઠા દેખાય છે.

પોતે અનિન્દ્ય સ્વામીભક્તિ ઝંખી રહ્યો છે. 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'ના હંસકવૃત્તાંતમાં મહાકવિ ભાસ ઉદયન માટેની યૌગન્ધરાયણની અધીરતા એવં ઉત્કંઠા તતસ્તત: શબ્દ દ્વારા પ્રગટ કરે છે. હંસક વિસ્તારપૂર્વક સમગ્ર ઘટનાનો ચિતાર આપી રહ્યા છે ત્યારે સમગ્ર ઘટના જાણવાની અને તેમાં પણ રાજા ઉદયનની પરિસ્થિતિ જાણવાની ઉત્કંઠા તેઓ રોકી શકતા નથી. પછી જયારે મહાસેનના અમાત્ય શાલંકાયનની અનુકંપાથી રાજા ઉદયન શરીરપીડામાંથી મુક્ત થયાની અને ઉજ્જયિની લઈ ગયાની વાત સાંભળી તેઓ સ્વામીના સ્વાભિમાનની ચિંતા કરે છે.[3] સ્વામીના પ્રધાનમંડળમાંથી "યૌગન્ધરાયણ ને મળ" એવું હંસકનું વચન સાંભળી યૌગન્ધરાયણની સ્વામીનિષ્ઠા ઉત્તેજાય છે અને તે માટે કંઈ પણ કરી છૂટવા તેઓ તત્પર બને છે. સ્વામી ઉદયન માટેની યૌગન્ધરાયણની ભક્તિ વિશે કવિ નાટકના પ્રથમ અંકમાં લખે છે કે:

रपिुनृपनगरे वा बन्धने वा वने वा
समुपगतविनाश: प्रेत्य वा तुल्यनषि्ठम् |
जतिमतिि कृतबुद्धि वञ्चयत्विा नृपं तं
पुनरधगितराज्य: पार्श्र्वत: श्लाधनीयम् || (પૃ.૧૪)

અર્થાત્ "હવે સ્વામી મને બીજા જ પુરુષરૂપે જોશે; શત્રુ રાજાના નગરમાં, બંધનમાં કે વનમાં, જોતે વિનાશ પામ્યા હોય તો મરીને બીજા લોકમાં પણ મને તેવો જ સ્વામીનિષ્ઠ જોશે." (પૃ.૧૭)

રાજા ઉદયનની માતા(રાજમાતા) યૌગન્ધરાયણને કહેવડાવે છે કે 'મારો એક દીકરો મારા બીજા દીકરાને છોડાવે.' આ રીતે રાજમાતા દ્વારા થતી પોતાની પ્રશંસાથી આત્મવિશ્વાસ કેળવી યૌગન્ધરાયણ રાજભક્તિથી પ્રેરાઈને પ્રતિજ્ઞા લેતાં કહે છે :

यदि शत्रुबलग्रस्तो राहुणा चन्द्रमा इव |
मोचयामि न राजानं नास्मि यौगन्धरायण: ||

અર્થાત્ "રાહુએ ઘેરેલા ચંદ્રમાની જેમ શત્રુએ ઘેરેલા આપણા રાજાને જો હું ન છોડાવું તો મારું નામ યૌગન્ધરાયણ નહિ." (પૃ.૧૯) રાજા ઉદયનને પ્રદ્યોત મહાસેનની નગરીમાંથી મુક્ત કરવા તેઓ ઉન્મતકનો વેશ ધારણ કરીને રુમણ્વાન અને વિદૂષક સાથે મળી યોજના પાર પાડવા અભેદ્ય રાજનીતિનું આયોજન કરે છે. ઉજ્જયિની નગરમાં પાગલ વેશે રહી ભિક્ષુકના વેશમાં રહેલા વિદૂષક દ્વારા રાજા ઉદયન વિશેની બધી જ માહિતી તેઓ મેળવતા રહ્યા છે અને તદનુસાર અનેક યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી રહ્યા છે. વિદૂષક દ્વારા રાજાની વાસવદત્તા પ્રત્યેની પ્રીતિ સાંભળી ક્ષણભર નિરાશ થાય છે પરંતુ રાજા ઉદયનની પ્રેમકલાપટુથી જ્ઞાત યૌગન્ધરાયણ પોતાના સ્વામીને વાસવદત્તા સાથે છોડાવવાની દ્રઢ પ્રતિજ્ઞા કરે છે :

सुभद्रामवि गाण्डीवी नाम: पद्मलतामवि |
यदि तां न हरेत् राजा नास्ति यौगन्धरायण: ||

अपि च

यदि तां चैव तं चैव तां चैवायतलोचनाम् |
नाहरामि नृपं चैव नास्मि यौगन्धरायणः ||

અર્થાત્ "જેમ અર્જુન સુભદ્રાને હરે, હાથી જેમ પદ્મવેલને હરે, તેમ જો રાજા(ઉદયન) તેને ન હરે તો હું યૌગન્ધરાયણ નહિ." વળી, "જો (ઘોષવતી)ને , તે (હાથી) અને તે વિશાલનયના (વાસવદત્તા) ને તથા રાજાને હું હરી ના લઈ જઉં તોપણ મારું નામ યૌગન્ધરાયણ નહિ." (પૃ.૪૬-૪૭)

ઉજ્જયિનીમાં ગુપ્તવેશે રહેલા યૌગન્ધરાયણ ભદ્રવતી હાથણીના સ્નાનના બહાના હેઠળ પોતાના સ્વામીને ત્યાંથી ભગાડવામાં સફળ પરંતુ રાજાના રક્ષણ માટે શત્રુસૈન્ય સામે લડતાં-લડતાં તેમને કેદ થવું પડ્યું. છતાં પોતાનો મનોરથ પોતાના પ્રાણોના ભોગે પણ પૂર્ણ થયો વિચારી તેઓ પ્રસન્ન છે. રાજા અને રાષ્ટ્ર પ્રત્યેનો અસીમ પ્રેમ રજુ કરતાં કવિયૌગન્ધરાયણના સ્વાભિમાન વિશે નાટકમાં લખે છે કે, દર્શનના અભિલાષીઓને દૂર કરશો નહીં, રાજા તરફના પ્રેમને કારણે વિપત્તિગ્રિસ્ત એવા મને પરાક્રમશીલ રાજપુરુષો ભલે જુએ. જે અંતરથી 'અમાત્ય' પદને ઝંખે છે તેમનો અભિલાષ આજે કાંતો દ્રઢ થાઓ અથવા નાશ પામો." (પૃ.૫૭)

પ્રદ્યોત મહાસેનના મંત્રી ભરતરોહક સાથેના શૌર્યપૂર્ણ સંવાદમાં પણ યૌગન્ધરાયણની સ્વામીનિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત થાય નાટકમાં મહાકવિ ભાસ યૌગન્ધરાયણના સન્યાસીના સ્વરૂપમાં રહેલા અદભુત વ્યક્તિત્વને રજુ કરી તેમની ઉદયન માટેની સ્વામીભક્તિ ઉચ્ચ રાષ્ટ્રપ્રેમ અભિવ્યિક્ત કરે છે.

**<u>સ્વપ્નવાસવદત્તમ્:</u>**

ઘણા પ્રાચીન સમયથી 'સ્વપ્નવાસવદત્તમ્' ને એક ઊંચા પ્રકારની નાટ્યકૃતિ ગણવામાં આવી છે. આ નાટકમાં મુખ્યત્વે ઉદયન-દાંપત્યજીવનનું નિરૂપણ થયેલું છે. છતાં રાજકીય કથાવસ્તુ પણ અહીં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

'સ્વપ્નવાસવદત્તમ્' રૂપકમાં જે નાટ્યક્રિયાઓ ચાલે છે તે બધાના મૂળમાં છે યૌગન્ધરાયણની યુક્તિ છે. યૌગન્ધરાયણની બધી મૂળ તેમની સ્વામીનિષ્ઠા અને સ્વામીભક્તિમાં છે. વત્સરાજ ઉદયન અને કૌશામ્બી નગરીના શ્રેય માટે તેઓ અમાત્યપણાને ત્યજી દઈ સન્યાસીનો વેશ ધારણ કરે છે. પોતાની રાજનીતિના ભાગરૂપે તેઓ વિદૂષક અને પોતાનાં રાણી વાસવદત્તાને વિશ્વાસમાં લે છે અને પોતે પરિવ્રાજક બની અને રાણી વાસવદત્તાને આવંતીકાનો વેશ ધારણ કરાવી મગધ દેશમાં પહોંચે છે. મગધ દેશના તપોવનમાં રાણી સહિત તેમની સામાન્ય માનવીની જેમ સૈનિકો દ્વારા થતી ઉત્સારણાના ભોગ બનવું પડે છે, છતાં રાજાના અને રાષ્ટ્રના અભ્યુદય માટે અપમાન તેઓ સહન કરે છે.

તપોવનમાં તપોવનવાસીઓને ધર્મપ્રિયા રાજકુમારી પદ્માવતી ઈચ્છિત વસ્તુઓ પ્રદાન કરવાની જાહેરાત કરાવે છે ત્યારે સ્વામીભક્ત યૌગન્ધરાયણ તરત જ યાચક બનીને કહે છે:

कार्यं नैवार्थैर्नापि भोगैर्न वस्त्रै-
नाहं काषायं वृत्तिहेतोः प्रपन्नः |
धीरा कन्येयं द्रष्टधर्मप्रचारा
शक्ता चारित्रं रक्षितुं मे भगिन्याः ||

(દવે, પી.સી. અને દવે, સુરેશ, પૃ.૮૨)

યૌગન્ધરાયણ પોતાની યોજના સિદ્ધિ કરવા વાસવદત્તાને પદ્માવતીના હાથમાં થાપણ તરીકે સોંપે છે. સ્વામીનું કલ્યાણ ઈચ્છતા સેવક તેમનો પહેલો મનોરથ પૂર્ણ થયો જેથી પ્રસન્ન થઇ મનમાં વિચારે છે કે મહાન કાર્યનો અડધો ભાગ ઓછો થઇ ગયો.

'સ્વપ્નવાસવદત્તમ્'ના પ્રથમ અંકના બ્રહ્મચારીના પ્રસંગમાં લાવાણક ગામેથી આવેલા બ્રહ્મચારી દ્વારા વર્ણવાયેલા લાવાણકવૃત્તાંતમાં આર્ય યૌગન્ધરાયણની રાજા ઉદયનની સ્થિતિ જાણવાની ઉત્કંઠા વધતી જ જાય છે. મહાકવિ ભાસે યૌગન્ધરાયણની આ પ્રકારની ઉત્સુકતા માટે 'પછી, પછી' શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે. વાસવદત્તાના વિયોગમાં વિલાપ કરતા રાજા ઉદયનની અમાત્ય રુમણ્વાન યોગ્ય કાળજી લઇ રહ્યો છે એવું જાણી તેઓ રુમણ્વાનના મહાન કાર્યની કદર કરે છે અને ઇષ્ટ રાજકાર્યને આગળ ધપાવવા તપોવનમાંથી વિદાય લે છે.

જેના હૈયે રાષ્ટ્રપ્રેમ છે તેવો યૌગન્ધરાયણ પડદા પાછળ રહીને પદ્માવતી સાથેના ઉદયનનાં લગ્ન કરાવે છે. વિદૂષક અને રાણી વાસવદત્તાને વિશ્વાસમાં લઈ પોતાની યોજનાનું એક પછી એક કાર્ય સિદ્ધ કરતા બુદ્ધિમાન યૌગન્ધરાયણ સફળતાના કિનારે આવીને પોતાના સ્વામીને સત્યથી દૂર રાખ્યા હતા તેથી રાજા ઉદયન સમક્ષ પ્રગટ થતાં માનસિક પરિતાપ અનુભવે છે. લાવાણક-દાહથી શરુ કરીને ઉદયનના પદ્માવતી સાથે થયેલા લગ્ન સુધીનું સંપૂર્ણ ઘટનાચક્ર કે જેનાથી ઉદયનને અજ્ઞાત રાખવામાં આવ્યા હતા, તેથી તેઓ શું કહેશે એ વિચારે સાશંક બને છે. જેમકે,

प्रच्छाद्य राजमहर्षीं नृपतेर्हितार्थं
कामं मया कृतमदिं हतिमत्यिवेक्ष्य ।
सद्धिेऽपि नाम मम कर्मणि पार्थवोिऽसौ
कंि वक्ष्यतीति हृदयं परशिंकितिं मे ॥

અર્થાત્ "રાજાના હિત માટે રાજમહિષીને છૂપાવીને મેં રાજાનું કલ્યાણ થાય એમ સમજીને ભલે આ કર્યું. વળી, મારું કાર્ય પણ સફળ થયું છે છતાં આ રાજા શું કહેશે એ વિચારે મારું હૃદય સાશંક બન્યું છે." (પૃ.૧૩૫) નાટકના અંતે વાસવદત્તાની ઓળખ થતાં પોતાને સ્વામીનો અપરાધી માની રાજા ઉદયન પાસે ક્ષમાયાચના કરે છે. પગે પડેલા યૌગન્ધરાયણની પ્રશંસા કરતા ઉદયન તેમને "તમે ખરેખર યૌગન્ધરાયણ છો." (પૃ.૧૩૭) એમ કહીને તેમને દિલાસો આપે છે. સ્વામી ઉદયનનું આવું વચન સાંભળી લુણ અદા કરનાર યૌગન્ધરાયણ તેમના માટે આદરભાવ એવં સ્વામીભક્તિ પ્રગટ કરતાં કહે છે : "અમે તો સ્વામીના ભાગ્યને અનુસરનારા છીએ." (પૃ.૧૩૭)

ધન્ય છે આર્ય યૌગન્ધરાયણની અનુપમ સ્વામીભક્તિ અને રાષ્ટ્રપ્રીતિને!

**<u>ઉપસંહાર :-</u>**

મહાકવિ ભાસ વિરચિત 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' નાટકના બીજા અંકના મગધ, કાશી, બંગાળ, મિથિલા, શૂરસેન, સૌરાષ્ટ્ર, અવંતી, વત્સદેશ વગેરેના નિર્દેશોમાં તથા 'સ્વપ્નવાસવદત્તમ્'માં અવંતી(ઉજ્જયિની), વત્સદેશ(કૌશામ્બી), મગધ(રાજગૃહ) અને આરુણિના રાજ્ય જેવા ઉલ્લેખો તથા રાજકીય વસ્તુના નિરૂપણમાં કવિનો રાજાઓ પ્રત્યેનો અહોભાવ અને રાષ્ટ્રપ્રેમ જોવા મળે છે. ભાસના રામાયણ કથા પર આધારિત રૂપકો 'પ્રતિમાનાટક' અને 'અભિષેકનાટક'માં તથા કવિ કલ્પનાશ્રિત 'અવિમારક' વગેરે રૂપકોમાં તેમનો રાષ્ટ્રપ્રેમ ડોકિયાં કરે છે. તદુપરાંત ભાસના મોટા ભાગના રૂપકો(નાટકો)માં આવતાં ભરતવાક્યમાં તેમનો રાજા પરત્વેનો અહોભાવ પ્રગટ થયા વિના રહેતો નથી.

इमा सागरपर्यन्तां हमिवद्वन्ध्यिकुण्डलाम् ।
महीमेकातपत्राङ्कां राजसहिः प्रशास्तु नः ॥

(સમુદ્ર સુધી વિસ્તરેલી, હિમાલય અને વિંધ્યાચળ રૂપી કુંડળોવાળી તથા એક છત્ર નીચે રહેલી આ પૃથ્વી પર અમારા સિંહ જેવા રાજા શાસન કરો.)

**<u>સંદર્ભગ્રંથ સૂચિ :-</u>**

દવે, પી.સી. અને દવે સુરેશ જ. (સંપા.), महाकवभिासप्रणीतम् प्रतज्ञिायौगन्धरायणम्, સરસ્વતી પુસ્તક ભંડાર : અમદાવાદ, ૨૦૦૨-૦૩.

__ __ __ महाकवभिासवरिचितिम् स्वप्नवासवदत्तम्, સરસ્વતી પુસ્તક ભંડાર : અમદાવાદ, ૧૯૯૮-૯૯.

નાન્દી, ડૉ.તપસ્વી, 'સંસ્કૃત નાટકોનો પરિચય', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : અમદાવાદ, ૧૯૭૯.

ભટ્ટ, વસંતકુમાર મ.(સંપા.) 'મહાકવિ ભાસનાં રૂપકોનું અનુશીલન', સરસ્વતી પુસ્તક ભંડાર : અમદાવાદ, ૧૯૯૬.

ઉપાધ્યાય, અમૃત મ. 'પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : અમદાવાદ, ૧૯૭૬.

મુસલગાંવકર, ગજાનનશાસ્ત્રી(સંપા.) महाकवबिाणभट्टवरिचितिम् हर्षचरतिम्, चौखम्बा संस्कृत संस्थान : वाराणसी, सन् ૨૦૦૪.